# ફ્લિપકાર્ટે ટેક્નોલોજી અને કન્ઝ્યુમર ઈન્ટરનેટ ક્ષેત્રમાં નવીનતમ શોધોને તૈયાર કરવા સ્ટાર્ટઅપ એક્સેલરેટર પ્રોગ્રામ 'ફ્લિપકાર્ટ લીપ'ની રજૂઆત

- ફ્લિપકાર્ટ લીપ કોલ ફોર એન્ટ્રીઝ થી શરૂઆત કરે છે જે આજથી શરૂ થાય છે, અને તે સ્ટાર્ટ-અપ ઈન્ડિયાને સહકાર આપવા અને વાઈબ્રન્ડ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રમોટ કરવા નવીનતમ સ્ટાર્ટઅપ્સની ઓળખ કરશે.
- પસંદ કરવામાં આવેલા સ્ટાર્ટઅપ 16 અઠવાડિયાના મેન્ટરશીપ પ્રોગ્રામમાં જોડાશે અને **$25,000**ની ઈક્વિટી ફ્રી ગ્રાન્ડનું ઈનામ મેળવશે.

બેંગ્લુરૂ- ઓગષ્ટ 10, 2020 – ફ્લિપકાર્ટ, ભારતની હોમગ્રોઉન ઈ-કોમર્સ માર્કેટપ્લેસ, આજે ફ્લિપકાર્ટ લીપની રજૂઆતની જાહેર કરે છે – જે કંપનીનો પહેલો સ્ટાર્ટઅપ એક્સેલેટર પ્રોગ્રામ છે જે નવા અને આવનારા સ્ટાર્ટઅપને વૃદ્ધિ કરવા, ઉંચાઈઓ મેળવવા, પડકારોનો સામનો કરવામાં મદદ કરશે અને તેના બદલામાં ભારતની વૃદ્ધિ પામતી એન્ટપ્રિન્યોરીયલ ઈકોસીસ્ટમને તથા સ્ટાર્ટઅપ ઈન્ડિયાને વેગ આપવામાં ફાળો આપશે. આજથી શરૂ થતી કોલ-ફોર-એન્ટ્રીઝ સાથે, ફ્લિપકાર્ટ લીપ બી2સી અને બી2બી સ્ટાર્ટઅપને ઓળખશે અને તેમને જબરજસ્ત 16 અઠવાડિયાના વર્ચ્યુઅલ પ્રોગ્રામમાંથી પસાર થવામાં મદદ કરશે. સંપુર્ણ પ્રોગ્રામ દરમ્યાન, ફ્લિપકાર્ટના લિડરશીપ જેમાં બીઝનેશ, ઓપરેશન્સ, પ્રોડ્કટ અને ટેક્નોલોજીનો સમાવેશ થાય છે તેઓ પસંદગીના સ્ટાર્ટઅપને મેન્ટર કરશે અને શ્રેષ્ઠ રીતો સમજાવશે, તદ્ઉપરાંત ક્ષેત્રના માંધાતાઓ દ્વારા માસ્ટર ક્લાસ સેશન્સ પણ હશે.

પ્રોગ્રામ સ્ટાર્ટઅપ્સને ટુલ્સ, ફ્રેમવર્ક, જ્ઞાન અને ઈકોસિસ્ટમ પુરા પાડીને વિશ્વ-કક્ષાની મુલ્યવાન પ્રોડક્ટ્સ તૈયાર કરી, માર્કેટમાં મુકવા માટે સજ્જ સોલ્યુશન્સ તૈયાર કરવામાં સહાયક બનવાનો હેતુ ધરાવે છે. ફ્લિપકાર્ટના ટોચના મેન્ટર્સની ક્ષેત્રની ઉંડાણપુર્વકની સમજ અને તજજ્ઞતા અને ટેક્નોલોજીની મદદથી, સ્ટાર્ટઅપ્સ ગતિશીલ ટેક્નોલોજી બજારમાં પ્રતિસ્પર્ધી રહેવા માટે અંદરનું જ્ઞાન અને શીખ મેળવશે. ફ્લિપકાર્ટ લીપે ઉચ્ચ-ક્ષમતા ધરાવતા સ્ટાર્ટઅપ્સને શોધવા પાંચ થીમ પસંદ કરી છે. તેમાં ડિઝાઈન એન્ડ મેક ફોર

ઈન્ડિયા, ઈનોવેશન ઈન ડિજીટલ ઈ-કોમર્સ, ટેક્નોલોજી ટુ એમ્પાવર ધ રીટેલ એપ્લીકેશનનો સમાવેશ થાય છે. આ થીમોને ટેક્નોલોજી અને કન્ઝ્યુમર ઈન્ટરનેટ ક્ષેત્રમાં શ્રેષ્ઠ નવીનતમ ઉકેલો જે અલગ રીતે ભારતીય ગ્રાહકો માટે બનાવવામાં આવ્યા છે તેને શોધી શકાય તેને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી હતી. તેની કેન્દ્રિતતા આ થીમેટીક વિસ્તારોમાં ડિજીટાઈઝેશન અને એડવાન્સમેન્ટ (સુધારા) લાવવાની છે, જેમાં કોઈપણ સ્ટાર્ટઅપ જે અલગ ઉકેલો પર કામ કરી રહ્યા હોય જેમાં આવનારા પાંચ વર્ષમાં ઈ-કોમર્સ ક્ષેત્રેની દુનિયામાં બદલાવ લાવવાની ક્ષમતા હોય.

રજૂઆત વિશે વાત કરતાં, કલ્યાણ ક્રિષ્નામુર્થી, ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર, ફ્લિપકાર્ટ ગ્રુપ જણાવે છે કે ફ્લિપકાર્ટની સફર, તેની રજૂઆતથી સૌથી પસંદગીની હોમગ્રોઉન બ્રાન્ડ બનવા સુધી, ભારતમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની સંભાવનાનો સાચો અગ્રણી રહ્યો છે. ટેક્નોલોજીની દુનિયામાં લગભગ દરરોજ આવતી નવીનતાઓ અને શોધો સાથે, અમે વૃદ્ધિને વધારવામાં આગળ રહેવાની ઈચ્છા ધરાવીયે છે તથા આ સ્ટાર્ટઅપ્સને ક્ષેત્રમાં અને ભારતીય ગ્રાહકો માટે મુલ્યવૃદ્ધિ કરવામાં મદદ કરવા ઈચ્છીએ છે. ફ્લિપકાર્ટ લીપ આ ક્ષમતાને બહાર લાવવા અને નવા વિચારોને વેગ આપવા માટે છે જે સ્થાનિક એન્ટરપ્રિન્યોરીયલ ઈકોસીસ્ટમમાં નવીનતા, ધગસ અને બિનપરંપરાગતતા લાવે અને સાથોસાથ સરકારની સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પહેલને વેગ આપે.

વધુમાં, જય વેણુગોપલ, ચીફ પ્રોડક્ટ એન્ડ ટેક્નોલોજી ઓફીસર, ફ્લિપકાર્ટ જણાવે છે કે, વર્ષોથી ભારતમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના પરિવર્તનથી દેશ માટે સ્ટાર્ટઅપની કેટલીક શ્રેષ્ઠ શરૂઆતની મુસાફરીનું ઘર બનવાનો માર્ગ મોકળો થયો છે. ઉદ્યોગસાહસિકોની વધતી પ્રતિભાની લહેર છે જે તેમના ઉકેલોને બજારમાં લાવવા માટે ખુબ જ મહેનત કરી રહ્યાં છે. એક કંપની તરીકે કે જેણે તે તબક્કો પસાર કર્યો છે અને જેને પોતાની સફળતાની પ્લેબુક બનાવી છે, અમે અમારા નેટવર્કનો ઉપયોગ કરીને એક પ્રોગ્રામ તૈયાર કરવા માંગીયે છે જે પ્રારંભિક તબક્કેના સ્ટાર્ટઅપ્સને ભવિષ્યમાં સફળ બ્રાન્ડ્સ બનવા અને વિકસવામાં મદદ કરે."

આ નેરન રાવુલાની આગેવાની હેઠળ ફ્લિપકાર્ટની પ્રોડક્ટ સ્ટ્રેટેજી અને ડેપ્લોયમેન્ટ ટીમ દ્વારા પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે અને તેનું સંચાલન પણ કરવામાં આવશે. આ ફ્લિપકાર્ટ વાણિજ્ય કંપનીઓ (ફ્લિપકાર્ટ અને મ્યન્ટ્રા) અને વ્યાપક ઈકોસિસ્ટમની નવીનીકરણ માટે જવાબદાર છે.

ફક્ત ભારત જ નહીં પરંતુ ભારત વપરાશકારો (મુખ્યત્વે ટાયર *2* અને *3+* શહેરોમાં રહેતા) પર નવીનતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, ઝિન્નોવની ભાગીદારીમાં બનેલા *16-* અઠવાડિયાના પ્રોગ્રામથી સ્ટાર્ટઅપ્સને તેમના નવીન ઉકેલોને બજાર તૈયાર થવા માટે તકો ખોલશે અને તેમને *25,000* ડોલરની ઈક્વિટી ફ્રી ગ્રાન્ટ જીતવા દેશે. ફ્લિપકાર્ટ લીપ માટે અરજી કરતા સ્ટાર્ટઅપ્સ ભારતની રહેવાસી હોવી જોઈએ અને અર્લી એડોપ્સન મેટ્રીક્સ સાથેનો વર્કિંગ પ્રોટોટાઈપ હોવો જોઈએ. કાર્યક્રમની સમાપ્તિ પછી, ફ્લિપકાર્ટ લીપના અંતિમ સહભાગીઓ ડેમો-ડે પર તેમના સફળ મોડેલને રોકાણકારો, કોર્પોરેટરો અને અન્ય ઈકોસિસ્ટમ પ્લેયર્સ સમજાવશે અને સહમત કરશે અને ફ્લિપકાર્ટ દ્વારા ભંડોળ મેળવવા પાત્ર પણ બની શકે છે.

ઉદ્યોગના અહેવાલો મુજબ, ભારતમાં હાલમાં *12-15%* ની સતત વાર્ષિક વૃદ્ધિ સાથે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. હકીકતમાં, અહેવાલ મુજબ, ભારતમાં દરરોજ 2-3 ટેક સ્ટાર્ટઅપ્સ જન્મે છે. તેજીવાળા ઈકોસિસ્ટમે છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલીક શ્રેષ્ઠ શરૂઆતોને જન્મ આપ્યો છે. વધતા જતા સરકારી સમર્થન બંને કેન્દ્ર અને રાજ્ય સ્તરે તથા પ્રારંભ માટે સુધારણા નિયમનકારી વાતાવરણ સાથે, સેગમેન્ટ આગામી અબજ ગ્રાહકો સુધી અસરકારક રીતે પહોંચવા માટે સજ્જ છે.

***ફ્લિપકાર્ટ લીપ વિશે વધુ માહિતી માટે અને એપ્લાય કરવા, મુલાકાત લો***

https://www.flipkartleap.com/

## About the Flipkart Group

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and PhonePe. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 250 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs has inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market, PhonePe, India's fastest growing digital payments platform, and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

**For more information, please write to: media@flipkart.com**